# Day to Day Current Affairs

9 April-2015

૧) **નસીમ અહમદ ઝૈદી** : પુર્વ નાગરીક ઉડીયન સચિવ અહમદ ઝૈદીની મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિયુકતિ કરવામાં આવી છે. હાલના ચૂંટણી કમિશનર એચ.એસ.બ્રહ્મા 19 એપ્રિલે નિવૃત થશે. ત્યારબાદ તેનું સ્થાન લેશે. ઝૈદી 1976 બેચના ઉતરપ્રદેશ કેડરના આઇએએસ અધીકારી છે. તેમનો કાર્યકાળ 2017 સુધી રહેશે.

૨) **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી વિદેશ પ્રવાસે** : વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આજથી ફ્રાંચ, જર્મની અને કેનેડાના 9 દિવસના પ્રવાસે. પ્રવાસ દરમિયાન મોદી જર્મનીમાં 'હેન ઓવર ફેર' માં ' ઇન્ડીયા પેવેલિયન'નું ઉદઘાટન કરશે. આ ફેરમાં ભારતની 400 કંપનીઓ ભાગ લઇ રહી છે. આ ઉપરાંત ફેરમાં મોદી ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કરશે.

3) **કુમાર સાંગાકારાસાંગાકારા ક્રિકેટમાં બાઇબલ તરીકે ઓળખાતા વિઝડને સાંગાકારાને 'વિઝડન લીડીંગ ક્રિકેટર ઇન ધ વર્લ્ડ' નું સન્માન આપ્યું છે.** આ સન્માન મેળવનાર સાંગાકાર વિશ્વનો માત્ર બીજો ક્રિકેટર બન્યો છે, અગાઉ ભારતના વિરે સહેવાગને આ એવોર્ડ મળી ચુક્યો છે. 'વિઝડન લીડીંગ ક્રિકેટર ઇન ધ વર્લ્ડ'માં ઑસ્ટ્રેલિયાની મેગ લેનીગને આ એવોર્ડથી સન્માનીત કરાઇ. મેગ લેનીગ વિઝડનની સૌપ્રથમ મહિલા ક્રિકેટર જાહેર.

૪) **ખેડુતોને હવે પાક નુકશાનીનું દોઢ ગણું વળતર મળશે** : વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ દિલ્હી ખાતે વડાપ્રધાન જન ધન યોજના અંતર્ગત મુદ્રા (માઇક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ એન્ડ રિફાઇનાન્સ એજન્સી) બેંકનું લોચીંગ કરતી વખતે જાહેરાત કરી હતી કે નિષ્ફળ ગયેલા પાક માટે સરકારે વળતરની રકમ દોઢ ગણી વધારી દિધી છે એટલે કે ખેડુતોને અગાઉ 100 રૂપિયાનું વળતર મળતું તેને સ્થાને તેમને હવે 150 રૂપિયા મળશે.મળશે. તેમજ અગાઉ 50 ટકા પાક નિષ્ફળ ગયો હોય તેવાજ ખેડુતો વળતર માટે હકદાર ગણાતા હતાં. તેના બદલે હવે 33 ટકા પાક નિષ્ફળ જશે તો પણ ખેડુત વળતર મેળવવા હકદાર રહેશે. રાષ્ટ્રીય કિશાન મજદુર સંઘના સંયોજક : વી.એમ.સિંહ

www.vivekanandacademy.org